



ઘ-૪ સર્કલે માતૃભાષાને ન્યાય મળે તે હેતુથી એક પુસ્તક પરબનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં નગરજનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. (તસવીર : કશ્યપ નિમાવત)

# વિટકોસ બસના પાંચથી સાત રૂટો આજથી બંધ થવાની શક્યતા

## આવક કરતાં ખર્ચનું પ્રમાણ વધી જતાં લેવાશે નિર્ણય, જુની બસો હોવાથી ડિઝલનો વધી ગયેલો વપરાશ

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર તથા આજુબાજુના ૧૫ કિ.મી. સુધીના વિસ્તારોના મુસાફરો માટે ઉપયોગી બનેલી વિટકોસ ધીરેધીરે તેનો કારોબાર સમેટી લેતી હોવાના સંકેત સાંપડ્યા છે. જેમાં આજથી લગભગ પાંચથી સાત નિર્ધારિત રૂટોની બસો બંધ થવાની હોવાના સમાચાર અંદરના સૂત્રો દ્વારા પ્રાપ્ત થયા છે. જો કે આવક સામે ખર્ચનું પ્રમાણ વધી જતાં સંચાલક દ્વારા આ નિર્ણય લેવાયો હોવાનું સુત્રો જણાવી રહ્યાં છે. તો બીજી તરફ જુલાઈ માસમાં વિટકોસનો કરાર પુર્ણ થતો હોઈ તેના ભાગરૂપે પગલાં લેવાતા હોવાની શક્યતા પણ જણાઈ રહી છે.

ગાંધીનગર શહેર તથા ચાંદખેડા, ચિલોડા, કોલવડા, વાવોલ, ઉનાવા, સેક્ટર-૨૧, સેક્ટર-૧૩-૧૪, પેથાપુર, વગેરેને સાંકળતી વિટકોસ બસ શહેરીજનો તથા ગ્રામ્ય વિસ્તારો માટે ખુબજ ઉપયોગી બની છે. શરૂઆતમાં ૪૦ થી વધુ બસના કાફલા સાથે શરૂ થયેલી શહેરી બસ સર્વિસ નિયમિત, નિર્ધારિત રૂટ અને અડચણો વગર માર્ગો ઉપર ધમધમાટ ચાલી રહી હતી. જેમાં સુત્રોના જણાવ્યા મુજબ સંચાલકોએ ભાગીદારી છુટી કરી અને અમુક બસો અન્ય સ્થળોએ ખસેડી લીધી છે. વળી સીએનજીથી ચાલતી આ બસોને ડિઝલમાં રૂપાંતરીત કરી એન્જીન પણ અન્ય ઠેકાણેથી લાવી લગાવડાવ્યા હતા જેથી ખુબ જ ખર્ચ તે સમયે પણ થયેલો હતો. આમ તમામ પરિબળો ધ્યાને લેતાં ગાંધીનગરના સંચાલકના ફાળે આવેલ બસોમાં ખર્ચ વધારે અને આવક ઓછી થઈ રહેતા મુડીમાં પણ નુકશાન થઈ રહ્યું હોવાનું સુત્રો જણાવી રહ્યા છે. જેથી ૧ જુનથી પાંચથી સાત નિર્ધારીત રૂટ બંધ થી જશે તેવો ચોક્કસ સંકેત પ્રાપ્ત થયા છે.

જેમાં સેક્ટર-૨૧, ૧૩-૧૪, કોલવડા, વાવોલ, ચાંદખેડા-ડબલડેકર, ઉનાવા અને ચિલોડા-૧ રૂટ બંધ થઈ જવાની શક્યતાઓ વધી ગી છે. તો બીજી તરફ જુલાઈ ૨૦૧૪ માં વિટકોસનો કરાર પુરો થઈ જાય છે. તેમજ અનેક કંપનીઓએ શરૂ થયેલી ટેન્ડર પ્રક્રિયામાં ઝંપલાવ્યું હોવાથી અગમચેતી રાખી આ બસોને અત્યારથી જ અન્ય સ્થળોએ ખસેડી આકના સ્તોત્રને ચોક્કસ રાખવાની નિતી પણ હોવાની શક્યતા જણાઈ રહી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે વર્ષો જુની બસો હોવાથી મરામત ખર્ચ પણ દૈનિક ખુબ જ આવતો હોવાનું તેમજ હાલ સ્પેરપાર્ટ અને ટાયરો ખુબ જ મોંઘા થઈ ગયા છે. જેથી તમામ રખે સંચાલકને ઘરના નાણાં ઉમેરવા જેવી સ્થિતિ સર્જાઈ જતાં પરિસ્થિતિનું નિર્માણ થયું હોવાના સમાચારો વહેતા થયા છે.

### દિગંબર જૈન સમાજનું ગૌરવ

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર સ્થિત હિતાર્થ મેહુલ



દોશીએ માર્ચ-૧૪ માં લેવાયેલ સી.બી.એસ.ઈ. પરીક્ષામાં ૯૩ ટકા માર્કસ મેળવી ગાંધીનગર ડી.પી.એસ. સ્કૂલમાં 'બી' ગૃપમાં પ્રથમ અને 'એ બી' ગૃપમાં બીજુ સ્થાન મેળવી દિગંબર સમાજનું ગૌરવ વધાર્યું છે.

### શીખ સમાજનું ગૌરવ

ગાંધીનગર, તા. ૧

ચાલુ વર્ષે લેવાયેલી સામાન્ય



પ્રવાહની પરીક્ષામાં ચાંદખેડામાં વસતા અને સિદ્ધાર્થ-લૉ કોલેજના સિનિયર ક્લાર્ક ભુપેન્દ્રસિંઘની દિકરી સિમરને એ-૨ ગ્રેડ મેળવી શાળાનું અને સમાજનું ગૌરવ વધાર્યું છે. સિમરનને સી.એ.માં કારકિર્દી બનાવવાની ઈચ્છા વ્યક્ત કરી છે.

# કૈલાસ માનસરોવર યાત્રીકોનો વિદાય સમારોહ યોજાયો

ગાંધીનગર, તા. ૧

કૈલાસ માનસરોવર યાત્રા સમિતિ દ્વારા ગાંધીનગરમાંથી માનસારોવરના પ્રવાસે જતા યાત્રીઓનો વિદાય સમારોહ પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડના ચેરમેન મહેન્દ્રભાઈ ત્રિવેદીની અધ્યક્ષતામાં યોજવામાં આવ્યો હતો.

સે. ૨૧માં આવેલ વૈજનાથ મહાદેવના સાનિધ્યમાં આજે બપોરે ૪.૦૦ વાગે કૈલાસ માનસરોવરની યાત્રાએ જતા યાત્રીઓનો વિદાય સમારોહ યોજવામાં આવ્યો હતો. આ યાત્રીઓને આશીર્વાદ આપવા ફુલશંકર શાસ્ત્રીજી મહારાજ ઉપસ્થિત રહ્યા હતા.

આ યાત્રામાં નગરમાંથી ૫૪ યાત્રીઓ આગામી તા. ૮ જૂનના રોજ યાત્રાએ જવા રવાના થશે ત્યારે આ યાત્રીકોને યાત્રા દરમિયાન શુ તકેદારી રાખવી તેની વિશેષ માહિતી આપવામાં આવી હતી. પ્રવાસમાં સરકારની સબસીડી પાત્ર ૧૦ યાત્રાળુઓને સ્વખર્ચે ૪૪ યાત્રાળુએ નેપાળ માર્ગે પ્રવાશે જશે. જે અંતર્ગત વૈજનાથ મંદિર ખાતે આજે તમામ યાત્રીઓનું મેડીકલ ચેકઅપ અને જરૂરી દવાઓની માહિતી પણ આપવામાં આવી હતી. આ સમારોહમાં નવનીતભાઈ પાઠક, જેઠાભાઈ પટેલ, સંસ્થાના ચેરમેન કૃષ્ણકુમાર રાણા, વિપીનભાઈ જોષી સહિત યાત્રાળુઓ ઉપસ્થિત રહ્યા હતા.



રવિવારે સવારે સેન્ટ્રલ યુનિવર્સિટી સે. ૩૦ પાસે પુરઝડપે સ્કુટી પર જતી યુવતીઓને બચાવવા જતા તવેરા કાર નં. જીજે-૧૮-બીસી-૨૧૯૧ જોરથી થાંભલા સાથે ભટકાઈ હતી. સદ્નસીબે કોઈ જાનહાની થઈ ન હતી. પરંતુ તવેરા કારને નુકશાન થયું હતું. (તસવીર : કશ્યપ નિમાવત)

### ગુજરાત જયસ્વાલ સમાજનો સમુહલગ્ન ડિસેમ્બરમાં યોજાશે

ગાંધીનગર, તા. ૧

મહેસાણા, બનાસકાંઠા, ગાંધીનગર જિલ્લા જયસ્વાલ સમાજના મહેસાણાના પ્રમુખશ્રી ડાહ્યાલાલ ચંપકલાલ જયસ્વાલ તથા ઉપપ્રમુખ શૈલેષકુમાર સુરેશચંદ્ર જયસ્વાલની એક યાદીમાં જણાવેલ છે કે તાજેતરમાં કારોબારીની મીટીંગમાં સમગ્ર ગુજરાત જયસ્વાલ સમાજના સમુહલગ્ન ઉત્સવ મહેસાણા ખાતે ડિસેમ્બર-૨૦૧૪માં યોજાશે.

# નિરાધાર ભિક્ષુક વૃદ્ધાને સિવિલ હોસ્પિટલમાંથી સારવાર વિના તગેડી મુકાઈ

## બિમારીથી પીડાતી વૃદ્ધાના વ્હારે સેક્ટર-૭ પોલીસ આવી : પોલીસે કાયદો બતાવી ડોક્ટરને ફરજનિષ્ઠા યાદ કરાવી : આખરે વૃદ્ધાને દાખલ કરી સારવાર આપવી પડી

ગાંધીનગર, તા. ૧

વીઆઈપીઓ ના એક કોલ માત્રથી ડોક્ટરની આખેઆખી ટીમ સરભરા કરવા લાગી જાય છે. તે જ ગાંધીનગર સિવિલ હોસ્પિટલના ડોક્ટર હોસ્પિટલ લાવવામાં આવેલી નિરાધાર અને એકદમ અશક્ત વૃદ્ધાને સારવાર આપવા તૈયાર ન થાય તે કેવી નવાઈની વાત કહેવાય.? વૃદ્ધ હોવું અને તેમાં પણ તેણીના આગળ-પાછળ કોઈ સારસંભાળ રાખવા વાળું ન હોવું તે જ વૃદ્ધાનો વાંક કે પછી ગરીબ હોવું અને બિમાર પડવું એ તેણીનો વાંક.? ગાંધીનગરની જ એક નિરાધાર ભિક્ષુક વૃદ્ધા બિમાર પડતા તેણીને હોસ્પિટલ પહોંચતી કરાઈ હતી. પરંતુ ગાંધીનગર સિવિલ હોસ્પિટલના ડોક્ટરે તેણીની આગળ-પાછળ કોઈ સાથે રહે તેવું ન હોવાથી દાખલ કરવાની ચોખ્ખી ના પાડી દઈ તગેડી મૂકી હતી. ભગવાનનું સ્વરૂપ ગણાતા ડોક્ટરે જેને મરણપથારીએ છોડી મૂકી હતી તેણીની વ્હારે સે-૭ પી.આઈ જે.એમ.ભરવાડ આવ્યા હતા. કાયદો બતાવીને ડોક્ટરને ગુનો દાખલ કરવા સુધીની ચીમકી આપી દેતા અંતે ડોક્ટરે વૃદ્ધાને દાખલ કરીને હોસ્પિટલમાં સારવાર આપવાનું શરુ કર્યું હતું.

વીઆઈપીઓ ની સરભરા માટે સદાય ઉત્સુક રહેતા સિવિલ હોસ્પિટલના તંત્રને સે-૭ પોલીસ સ્ટેશનના પી.આઈ જે.એમ.ભરવાડે ફરજનિષ્ઠાનો પાઠ શીખવાડ્યો હોવાનો કિસ્સો -કાશમાં આવ્યો છે. ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ગરીબોની સારવાર ઝડપી અને વિના મુલ્યે થતી હોવાના બણગા ફૂંકવામાં આવે છે તેવા સંજોગોમાં દર્દથી કણસતા ગરીબ દર્દીઓને આસાનીથી તબીબી સેવા ઉપલબ્ધ થતી હશે કે કેમ તે અંગે મસમોટો ~ થાય તેવો કિસ્સો ધ્યાને આવ્યો છે. સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે આવેલી અશકત વૃદ્ધાને સિવિલના તબીબે હડધૂત કરીને તગેડી મૂકી હતી. પોતાના બે પગ પર ઉભા રહેવા અસક્ષમ આ ભિક્ષુક વૃદ્ધા સારવાર માટે સિવિલ હોસ્પિટલ પહોંચી હતી. પરંતુ સિવિલ હોસ્પિટલ માત્ર જાણે કહેવાતા વીઆઈપીઓ ની સેવા માટે જ હોય તેમ ફરજ પરના તબીબે ભિક્ષુક મહિલાને સારવાર આપવાની ના પાડી દીધી હતી. આ ભિક્ષુક વૃદ્ધા સાથે કોઈ ન હોવાથી તેણીને સિવિલના તબીબ દ્વારા બિન્દાસ્ત રીતે જાકારો આપી દેવાયો હતો. આખરે આ વાત સે-૭ પોલીસ સ્ટેશન સુધી પહોંચી હતી. સે-૭ પોલીસ સ્ટેશનના સીની.પી.આઈ જે.એમ.ભરવાડે ભિક્ષુક વૃદ્ધાને હોસ્પિટલના બિછાન સુધી પહોંચાડવા માનવતા અને કાયદો ભૂલી બેઠેલા સિવિલના તબીબોને તેમની ફરજના નીતિ નિયમો યાદ કરાવી દીધા હતા. પોલીસની ફરજનિષ્ઠાના લીધે નિષ્ઠુર અને નફિકરા સિવિલ તંત્રએ બિમાર વૃદ્ધાને દાખલ કરી સારવાર આપવાનું શરુ કર્યું હતું. અશક્તિના લીધે માત્ર ૩૦ કિલો વજન ધરાવતી આ વૃદ્ધાને સમયસર સારવાર ઉપલબ્ધ ન થઈ હોત તો કદાચ તેણીની હાલત વધુ ગંભીર બને તેવા સંજોગો પણ હતા. રીઢા ગુનેગારો સામે આંખ લાલ કરતી પોલીસે સંવેદના દાખવી સિવિલ તંત્રના કાન આમળીને કાયદાનું પાલન કરાવી ફરજનિષ્ઠાનો પણ પાઠ શીખવી દીધો હતો.



(તસવીર : કશ્યપ નિમાવત)

શનિવારે ગાંધીનગર ટાઉનહોલ ખાતે રાષ્ટ્રીય શાયર શ્રી ઝવેરચંદ મેઘાણી લિખીત અને ચં.ચી. મહેતા નાટય રૂપાંતરીત સૌરાષ્ટ્રની પ્રેમકથા 'શેતલને કાંઠે' નો પ્રયોગ રજુ કરવામાં આવ્યો. પ્રેક્ષકોથી ભરચક હોલમાં એ.સી. પ્લાન્ટમાં ખરાબી હોવાને કારણે અસહ્ય ઉકળાટ વચ્ચે ૯.૧૫ને બદલે ૧૦.૩૫ કલાકે નાટકની શરૂઆત કરવામાં આવી. આ સમય દરમિયાન અકળાયેલ દર્શકોએ વારંવાર સીટીઓ અને ચીચીયારીઓથી પોતાની તકલીફો વિશે સંચાલકોને વાકેફ કર્યા. મોડા-મોડા પણ નાટક શરૂ થતાં જ નબળા ડાયરેકશન અને ભાષા પરની પુરતી પકડ ન હોવાને કારણે આટલી રસપ્રદ કથાવાર્તા હોવા છતાં ફકત ૧૦ મીનીટમાં જ પ્રેક્ષકો ટાઉનહોલમાંથી વિદાય લેવા માંડયા હતા. યુવક સેવા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ અને ગુજરાત રાજય સંગીત નાટક અકાદમી દ્વારા યુવા દિગ્દર્શક યોજના હેઠળ યોજાયેલ આ નાટયપ્રયોગ અંગે આકરી ટીકાઓ થઈ હતી. ગુજરાતી સંસ્કૃતિની ઝાંખી કરાવતી આ નાટયકૃતિ આટલી નબળી રીતે રજૂ થઈ ત્યાં સુધી કોઈ તજજ્ઞોએ ચકાસણી કેમ કરી નહીં? ભલે નવા ઉગતા કલાકારોને પ્રોત્સાહન આપવા આ પ્રયાસ થયો હોય પણ સચોટ ભાષા અને પરફેકટ ડીરેકશન તો નાટકનું મુખ્ય અંગ છે તેવું હાજર દર્શકોનું માનવું હતું. ચાલુ નાટકે ત્રણ વાર વીજ પુરવઠો ખોરવાઈ જતાં વિક્ષેપ પડયો હતો. હા, નાટકનું સ્ટેજ અને પહેરવેશ સારા હતા. પ્રથમ અંક પુરો થતાં ટાઉનહોલ અડધો અડધ ખાલી થઈ ગયો હતો. ટૂંકમાં કહી શકાય 'શેતલને કાંઠે' જેવી મજબૂત પ્રેમકથાને ખૂબ જ નબળો પ્રતિસાદ મળ્યો હતો. જેમાં ટાઉનહોલ સત્તાવાળા અને નાટય સંચાલકોએ દર્શકોને નારાજ કર્યા હતા. અચરજની વાત તો એ છે કે આ નાટકનો પ્રયોગ દુબઈ દેશમાં જવાનો છે. અધિકારીઓએ આ બાબતે ગંભીર વિચારણા કરવા જેવી છે.

### ગાંધીનગરના સ્થા. જૈન સંઘના પ્રમુખશ્રીના માતૃશ્રીનું બેસણું

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર સ્થાનકવાસી જૈન સંઘના પ્રમુખશ્રી ગુણવંતભાઈ વી. શાહના માતૃશ્રી સ્વ. શાંતાબેન વ્રજલાલ શાહ (ઉ.વ.૧૦૧)નું બેસણું તા. ૨જી જુન સોમવારે સવારે ૮.૩૦ થી ૧૦.૩૦ સ્થાનક જૈન ઉપાશ્રયે સેકટર-૨૨માં રાખેલ છે.



વૈજનાથ મહાદેવ સે-૨૧ ખાતે કૈલાસ માનસરોવર યાત્રાએ જનાર યાત્રાળુઓનો શુભેચ્છા અને મેડીકલ ચેક અપ કાર્યક્રમ યોજાઈ ગયો. (તસવીર : કશ્યપ નિમાવત)

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૫.૫૯

સૂર્યાસ્ત : ૭.૧૯

## તાપમાન

મહત્તમ : ૪૦.૫ ડિ.સે.

લઘુત્તમ : ૨૯.૦ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૬૩ ટકા ● સાંજે ૩૦ ટકા

## મનોરંજન

**સીટી પલ્સ**

: સ્ક્રીન-૧ :

સીટીલાઈટ્સ: ૩.૦૦

હીરોપંતી: ૧૦.૦૦ (રાત્રે)

: સ્ક્રીન-૨ :

એક્સ મેન: ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૩ :

હીરોપંતી: ૧૦.૦૦

સીટીલાઈટ્સ: ૧૨.૪૫, ૩.૧૫, ૧૦.૧૫

કુકુ માથુર કી ઝન્ડ હો ગઈ: ૫.૪૫

કોચડયાન ૨-ડી (તમિલ):૮.૦૦

: સ્ક્રીન-૪ :

સીટીલાઈટ્સ: ૧૦.૦૦

હીરોપંતી: ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૫ :

કુકુ માથુર કી ઝન્ડ હો ગઈ: ૫.૪૫

સીટીલાઈટ્સ: ૬.૩૦

હીરોપંતી: ૧૦.૦૦

**સિને મેક્સ**

: સ્ક્રીન-૧ :

એક્સ-મેન(૩-ડી, હિન્દી): ૧૦.૧૫,૧.૧૫,૪.૧૫,૭.૧૫,૧૦.૧૫

: સ્ક્રીન-૨ :

હીરોપંતી: ૯.૦૦, ૧૨.૦૦

કુકુ માથુર કી ઝન્ડ હો ગઈ: ૩.૦૦, ૫.૩૦, ૧૦.૫૫

ગોડજીલા ૩-ડી (હિન્દી): ૮.૦૦

: સ્ક્રીન-૩ :

કુકુ માથુર કી ઝન્ડ હો ગઈ: ૧૦.૩૦

હીરોપંતી: ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૪ :

સીટીલાઈટ્સ: ૧૦.૪૫, ૧.૩૦, ૪.૧૫, ૭.૦૦, ૧૦.૦૦

**સૂર્યા સિનેમા (વાવોલ)**

ઘાતક: ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

**મૂવી પ્લેક્સ, કલોલ**

: સ્ક્રીન-૧ :

હીરોપંતી: ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

## આપની આજ

**મેષ** : વિચારોમાં સકારાત્મકતા અને આશાજનક પ્રવૃત્તિ રાખવી. મહત્વપૂર્ણ કાર્યોને પૂર્ણ કરશો. આત્મવિશ્વાસથી કાર્ય કરવું. સારા લોકોથી મુલાકાત થઈ શકે છે.

**વૃષભ** : તમારી બુદ્ધિ અને ખરા અનુમાન લગાવવાની ક્ષમતાને કારણે સફળતા અને સન્માન પ્રાપ્ત કરશો. કુટુંબના સદસ્યો તરફ ખાય ધ્યાન આપવું. પ્રબળ આત્મવિશ્વાસ તથા દૃઢ નિશ્ચયથી જટિલ કાર્યનો ઉકેલ આવશે.

**મિથુન** : સંતાન તરફથી સુખદ સમાચાર પ્રાપ્ત થશે. રોજગારના ક્ષેત્રમાં તમારો આત્મવિશ્વાસ અને મહત્વમાં વધારો થઈ શકશે. કાર્યની પ્રત્યે ઉતાવળ અને બેદરકારી ન કરો.

**કર્ક** : આર્થિક સ્થિતિ મજબૂત બનતી જણાય. નોકરી- વ્યવસાયમાં અણધારી સફળતા પ્રાપ્ત થશે. મિત્રોના સહયોગથી ઉદ્‌ભવેલ સમસ્યાનું સમાધાન મળી શકે છે.

**સિંહ** : રાજકારણના ક્ષેત્રમાં પરિવર્તનથી અનુકૂળતા બનશે. આર્થિકક્ષેત્રે નવા આયોજનો થઈ શકે છે. વેપારમાં સમસ્યાઓ છતાં કાર્ય થવાનો યોગ.

**કન્યા** : શુભ મંગળ કાર્યોનો યોગ. આપ સાહસિત અને અથાગ પરિશ્રમમાં આપ માનો છો તેથી આર્થિક સ્થિતિને લઈને ચિંતા ન કરો. માનસિક દ્વંદ્વને કારણે તમારી નિર્ણય ક્ષમતા પ્રભાવિત થશે. કૌટુંબીક સમસ્યાઓનું સમાધાન આવશે.

**તુલા** : આપનો પ્રભાવ વધવાથી શત્રુ પરાસ્ત થઈ શકે છે. ધૈર્યને કારને તમારી મોટીથી મોટી આકાંક્ષા પણ પૂર્ણ થતી જણાય. કુટુંબમાં વૃદ્ધ વ્યક્તિઓના આરોગ્ય તરફ ધ્યાન આપવું જોઈએ.

**વૃશ્ચિક** : પદ, પ્રતિષ્ઠા, ભવન, કુટુંબમાં માંગલિક કાર્યોનો વિશેષ યોગ. આપના થકી થયેલા અથાગ પ્રયત્ન અને પરિશ્રણ સાર્થક થશે. દિવસ પ્રસન્નતામાં પસાર થવાની શક્યતા છે.

**ધન** : સ્વયંની યોજના મુજબ કાર્ય કરવું. મિત્રોના સહયોગથી સમસ્યાઓનું સમાધાન મળી શકે છે. આવકના નવા સ્રોત ઉભા થવાની સંભાવના છે. આળસ છોડીને કાર્ય સમય પર પૂર્ણ કરો.

**મકર** : ભાગ્યથી પ્રગતિ અને આધ્યાત્મિક લાભ થશે. સમ્માનમાં કમીના અવસરનો સંદેશ કાર્યની ગતિને પ્રભાવિત કરશે. વ્યપારમાં હાનિ થવાની સંભાવના છે. સાવચેતી અને સતર્કતા રાખીને કામ કરો. ધાર્મિક કાર્યોમાં સમય પસાર થશે.

**કુંભ** : ભૂમિ, વાહન, યંત્ર વગેરેથી લાભ થશે. વ્યાપારમાં નવીન કરારો પર ધ્યાન આપવું હિતકારક રહેશે. પોતાની વસ્તુઓ સંભાળીને રાખો. ધર્મ, આધ્યાત્મ પ્રત્યે આસ્થા વધશે.

**મીન** : બુદ્ધિથી મુશ્કેલીઓ દૂર થશે. આવકના સાધન પ્રાપ્ત થશે. સામાજિક ક્ષેત્રે મહત્વપૂર્ણ ઉપલબ્ધિ મળી શકે છે. વ્યાપાર- વ્યવસાયમાં ભાગીદારીમાં નુકશાનકારક ન બને તેની કાળજી રાખવી.

## ચિરવિદાય

- સ્વ. પટેલ સોમાભાઈ ઉગડદાસ (ઉ.વ.૯૭) મુ. મોટા ચીલોડા. તા.જી.ગાંધીનગર.
- સ્વ. નીરૂબેન ભીખાભાઈ પટેલ (ઉ.વ. ૫૧) મુ. મોટા ચીલોડા. તા.જી.ગાંધીનગર.
- સ્વ. ઈશ્વરજી રમણજી ઠાકોર (ઉ.વ. ૨૭) મુ.બોરીજ, જૈન દેરાસર પાસે, તા.જી. ગાંધીનગર.
- સ્વ. સોનલબેન જયંતિભાઈ ગજ્જર (ઉ.વ. ૪૦) મુ. રાધેજા, તા.જી. ગાંધીનગર.
- સ્વ. લાલાબેન હેમાજી વણઝારા (ઉ.વ. ૧૬) મુ. બોરીજ, નવા પરા, તા.જી. ગાંધીનગર.